ગુજરાત સમાચાર
Saturday, 17-10-2026




બોલતું ઝગમગ

# મોજીલા હાથીદાદા

અનિતા તન્ના

શહેરથી દૂર એક જંગલ હતું. જંગલનું નામ નવલું જંગલ. આ વનમાં બે સુંદર તળાવ હતાં. મોટાં અને વિશાળ ઝાડવાંઓથી જંગલ વધારે રૂપાળું લાગતું હતું. આવા રંગે રૂડા અને રૂપેપૂરાં વનમાં બધાં જ હળી- મળીને રહે અને આનંદ કરે.

આ વનમાં એક હાથીદાદા હતા. એમનું નામ મોનુદાદા. આ હાથીદાદાનો સ્વભાવમોજિલો. એટલે બધા એમને મોજીલાદાદા જ કહેતા.

જંગલ તો વહેલી સવારે જાગી જાય. સૂરજદાદા સાત ઘોડાના રથ પર બેસીને આવે એટલે હાથીદાદા તૈયાર થઈ જાય. ડોલતા ડોલતા જંગલની સેર કરવા નીકળે. ધીમા પગલે ચાલતાં ચાલતાં ગીતો ગાય.

*સૂરજદાદા આવે છે,*
*મીઠો તડકો લાવે છે,*
*સૌ બચ્ચાઓ જાગી જાઓ,*
*ઝટપટ તૈયાર થઈ જાવ,*
*ચાલો સૌ ફરવા જઈએ,*
*વનવગડાને મળવા જઈએ..*

હાથીદાદાનાં ગીતો સાંભળીને પંખીઓના માળામાં બચ્ચાંઓ જાગી જાય. કલરવ કરતાં કરતાં તૈયાર થઈ જાય. બીજી બાજુ પશુઓનાં બચ્ચાંઓ પણ આંખો ચોળતાં આળસ મરડીને ઊભાં થાય. ઝટપટ તૈયાર થાય. હાથીદાદા એક પછી એક બધાં બચ્ચાઓને પોતાની પીઠ પર બેસાડી દે. પંખીઓનાં બચ્ચાંઓઊડીને હાથીદાદાની પીઠ પર બેસી જાય.પ્રાણીઓનાં બચ્ચાઓ હાથીદાદાની લાંબી સૂંઢ પકડીને એમની પીઠ પર સવાર થઈ જાય.અને હા, હાથીદાદા સાથે એમનું વહાલુંમદનિયુંહેત પણ હોય જ.

બધાંબચ્ચાઓ આવતાં જાય એમ ગોઠવાતાં જાય.મીઠડી કોયલ બહેનનું બચ્ચું કિલબિલ, પોપટભાઈનું બચ્ચું પીલુ, કાગડાભાઈનું બચ્ચું કુ કુ, સસલાભાઈનુંબચ્ચું સોનુ,ખિસકોલીબાઈનું બચ્ચું પટપટ, કૂતરાંભાઈનું બચ્ચું ગોલુ અને વાંદરા ભાઈનું બચ્ચું વિકી. આ બધાં હાથીદાદાની પીઠ પર બેસી જાય.



એ પછી હાથીદાદા ધીમે ધીમે વનમાંઆગળ ચાલતા જાય અને બચ્ચાંઓ સાથે ગીતો ગાતા જાય.

જંગલમાં સવારના પહોરમાં ઠંડો-ઠંડો પવન વાતો હોય. બધાં ઝાડ પણ નાહીને તૈયાર થઈ ગયાં હોય એવાં સરસ દેખાય.

હાથીદાદા બધાં બચ્ચાંઓને ઝાડવાની ઓળખાણ કરાવે. જુઓ, પેલું લાંબુ સોટી જેવું છે એ સાગનું ઝાડ છે.ત્યાં દૂર જુઓ, શંકુ આકારના આસોપાલવ કેવાં હારબંધ ઊભાં છે?

આમ, વાતો કરતાં હાથીદાદાની સવારી થોડીવારમાં તળાવના કિનારે પહોંચે. તળાવના કિનારે મોટા વડદાદા.આ વડદાદા વળી કોણ? અરે વડદાદા એટલે વડલો, વડલાનું ઝાડ.હાથીદાદા વડલા નીચે ઊભા રહી જાય. પંખીઓનાં બચ્ચાંઓ ઊડીને વડલા પર ટેટા ખાવા જાય. પ્રાણીઓના બચ્ચાંઓ હાથીદાદાની સૂંઢ પકડીને નીચે ઉતરે. એમને પણ વડના પાકેલા ટેટા ખાવા હોય તો ખાય. જેને વડલા નીચે રમવું હોય એ થોડીવાર રમે. હાથીદાદા તળાવમાં નહાવા જાય. એ પછી બચ્ચાંઓને પણ બોલાવે. પોતાની સૂંઢમાં પાણી ભરીને સૌને નવડાવે. બચ્ચાંઓ તો ફૂવારામાં નહાતાં હોય એમ રાજી રાજી થાય.

હાથીદાદા અને બચ્ચાંઓ પાણીમાં રમત કરે. નાહીને રમીને ધરાઈ જાય એટલે પહેલા હાથીદાદા તળાવમાંથી બહાર આવે. પછી ધીમે ધીમે બધાં બચ્ચાઓને પણ બહાર લાવે.વડના ટેટા ખાવાની, ઠંડા પવનમાં રમવાની અને પછી પાણીમાં નાહવાની. આમ, મઝા મઝા કરીનેદરેક જણ પાછા હાથીદાદાની પીઠ પર ગોઠવાઈ જાય.હવે હાથીદાદાની સવારી ઘર તરફ પાછી ફરે.

બચ્ચાંઓના કલબલાટથી જંગલ ભરાઈ જાય. આમ તો બધાં બચ્ચાઓ ડાહ્યાં, પણ એમાં પેલું વાંદરાનું બચ્ચું વિકી થોડું અટકચાળું.તેને શાંતિથી બેસી રહેવું ના ગમે. હાથીદાદાની પીઠ પર બધાં બચ્ચાંઓ બેઠા હોય અને સવારી ધીમે ધીમે આગળ વધતી હોય. રસ્તામાં ઝાડની ઝૂલતી ડાળીઓ આવે કે, વિકીભાઈ ડાળી પકડી લે. પછી? પછી ડાળી પકડીને ઝૂલા ખાય.જો ડાળીએ ફળ લાગેલાં હોય તો ફળો પણ તોડે. પોતે ખાય અને પોતાના ભાઈબંધો માટે પણ લાવે. વિકીભાઈનું આ તોફાન હાથીદાદાને ખબર ન હોય. એ તો એમની મસ્તીમાં ચાલતા જ હોય. વિકીભાઈ ઝાડ ઉપર રહી જાય એટલો બધા બૂમો પાડે. હાથીદાદાઊભા રહો, ઊભા રહો. પેલા વિકીભાઈ ઝાડ ઉપર ઝૂલા ખાય છે.

બચ્ચાંઓની બૂમો સાંભળીને હાથીદાદા થોભે. વિકીભાઈ ઝાડની ડાળીઓ કૂદતા કૂદતા પાછા હાથીદાદાની પીઠ ઉપર આવી જાય. બધા ગેલમાં આવી જાય. હાથીદાદા ગીતો ગાય અને બચ્ચાંઓને ગવડાવે.

*અમે વનવગડામાં ફરતાં તાં,*
*ઝાડવાઓને જોતાંતાં,*
*તળાવ કાંઠે રમતાં તાં,*
*વડના ટેટા ખાતાં તાં,*
*વન વગડામાં ફરવા જવાની કેવી*
*મઝા ભાઈ ભાઈ કેવી મઝા...*

આમ ગાતાં ગાતાં હાથીદાદાની સવારી દરેક બચ્ચાના ઘર સુધી આવે. પંખીઓના બચ્ચા ઊડીને પોતાના માળામાં જતા રહે.પશુઓનાં બચ્ચા પોતપોતાનું ઘર આવે એટલે હાથીદાદાની સૂંઢ પરથી નીચે ઉતરી જાય.છેલ્લે હેત મદનિયુ અને હાથીદાદા પણ ખુશ થતાં પોતાના ઘરે જાય. હાથીદાદાબધાને કહેતા જાય કે, મોજમાં રહેજો, આનંદ કરજો, મોજીલા દાદાને યાદ કરજો. ■

**હાથીદાદા અને બચ્ચાંઓ પાણીમાં રમત કરે. નાહીને રમીને ધરાઈ જાય એટલે પહેલા હાથીદાદા તળાવમાંથી બહાર આવે. પછી ધીમે ધીમે બધાં બચ્ચાઓને પણ બહાર લાવે.વડના ટેટા ખાવાની, ઠંડા પવનમાં રમવાની અને પછી પાણીમાં નાહવાની. આમ, મઝા મઝા કરીનેદરેક જણ પાછા હાથીદાદાની પીઠ પર ગોઠવાઈ જાય.**

આ QR-કોડ સ્કેન કરો



# વિજયાદશમી: અનેરો અવસર



આજ અનેરો અવસર આવ્યો...
રાવણનો સંહાર કરીને,
રાઘવનો વિજય-રથ લાવ્યો.
આજ અનેરો અવસર આવ્યો...

હવે પધારે પરત રામજી,
અવધપુરીમાં ઉમંગ લાવ્યો.
આજ અનેરો અવસર આવ્યો...

માતાજીના નોરતા ઉજવી,
વિજય-ઉત્સવને લઈ લાવ્યો.
આજ અનેરો અવસર આવ્યો...

ફટાકડા દીપમાળા સાથે,
ફાફડા ને જલેબી લાવ્યો.
આજ અનેરો અવસર આવ્યો...

જનમાનસમાં ધર્મ સ્થાપવા,
ફરી રાવણનો વિનાશ લાવ્યો.
આજ અનેરો અવસર આવ્યો...

મનમાં, દિલમાં ને વ્યવહારે,
પરમ દિવ્ય જાગૃતિ લાવ્યો.
આજ અનેરો અવસર આવ્યો...

- હેમંત વાળા

# ભઇલુને શિખામણ



કેમ બગાડે પાણી,
ભઇલુ, કેમ બગાડે પાણી ?
જળ છે તો જીવન છે જગમાં,
જળ દુનિયાનો પ્રાણ,
જળ ન હશે તો પળમાં ભઇલુ,
અંત બધાંનો જાણ !
ના ફોગટ મારી વાણી,
ભઇલુ, કેમ બગાડે પાણી ?
મૂરખાં લોકો એમ કહે છે-
પાણીની શી કિંમત ?
જળનો બગાડ કરવામાં એ
ખૂબ દાખવે હિંમત !
જળનો મહિમા લે જાણી,
ભઇલુ, કેમ બગાડે પાણી?
જળસંકટથી જગમાં, જોજે
ઝઘડાં ઝાઝા થાશે,
જળ અભાવ થાશે તો લોકો
શું પીશે? શું ખાશે?
જળને લે આજ વખાણી,
ભઇલુ, કેમ બગાડે પાણી?

- મણિલાલ જગતમિત્ર

## ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે રંગ પૂરો.




## કહેવતોની કરામત

મિત્રો, અહીં કેટલીક કહેવતો આપી છે. બધી કહેવતો અધૂરી લખી છે તો નીચેના BOXમાંથી ગોતીને લખો.

૧. મહેતો મારેય નહિ ને ..................................
૨. છાસ લેવા જવું ને ...................
૩. જ્યાં જાય ઉકો ..................................
૪. તડકામાં વાળ ..................................
૫. ડાહી સાસરે ન જાય પણ ............................
૬. છાણના દેવ ને ..................................
૭. દહીંમાં ને દૂધમાં ..................................
૮. રાત્રે દૂધે વાળુ જે કરે તે .............. ..............
૯. તપ કીધે ......................................
૧૦. ભેંસ જીરવે ખાણ ન ..............................




૧. બન્નેમાં પગ રાખવો, ૨. કપાસિયાની આંખો, ૩. ઘેર વૈદ્ય ન જાય, ૪. ભાર જીરવે વહાણ, ૫. બાવો ન થવાય, ૬. ધોળા કરવા, ૭. ભણાવેય નહિ, ૮. દોણી સંતાડવી, ૯. ત્યાં દરિયો સૂકો, ૧૦. ગાંડીને શિખામણ દે.

કહેવતોની કરામતનો જવાબ :
૧. મહેતો મારેય નહિ ને ભણાવેય નહિ
૨. છાશ લેવા જવું ને દોણી સંતાડવી
૩. જ્યાં જાય ઉકો ત્યાં દરિયો સૂકો
૪. તડકામાં વાળ ધોળા કરવા
૫. ડાહી સાસરે ન જાય પણ ગાંડીને શિખામણ દે.
૬. છાણના દેવ ને કપાસિયાની આંખો
૭. દહીંમાં ને દૂધમાં બન્નેમાં પગ રાખવો.
૮. રાત્રે દૂધે વાળુ જે કરે તે ઘેર વૈદ્ય ન જાય.
૯. તપ કીધે બાવો ન થવાય
૧૦. ભેંસ જીરવે ખાણ ને ભાર જીરવે વહાણ

## CROSSWORD

boat, coat, bell, belt, train, carry



| | | | | | |
|---|---|---|---|---|---|
| a | c | i | k | b | n |
| t | e | c | t | e | n |
| c | b | a | a | l | i |
| o | e | r | o | t | a |
| a | l | r | b | x | r |
| t | l | y | y | k | t |

## ટપકાં જોડીને ચિત્ર પૂરું કરો



## બંને ચિત્રમાં તફાવત શોધો



## Fill in the blanks by using who, what, when, where, why, which, how

1. ______ time did you wake up?
2. ______ is your best friend?
3. ______ many pencils are there?
4. ______ are you from?
5. ______ are you so happy?
6. ______ color do you prefer? Red or blue?
7. ______ does the train arrive?
8. ______ did you go last weekend?
9. ______ does your mother do?
10. ______ is his birthday party?

# સોનેરી રેતીનું રહસ્ય

રૂમાના શેખ



**તેમની નજર સામે એક એવું અદ્‌ભુત દ્રશ્ય ખૂલ્યું જે માનવજાતે ક્યારેય કલ્પ્યું પણ નહોતું! ચાંદનીથી ઝળહળતી એક ગુપ્ત ખીણ, સ્ફટિક જેવાં પારદર્શક સરોવરો, ચાંદી જેવાં ઝળહળતાં વૃક્ષો અને સુગંધિત પુષ્પોની વચ્ચે છુપાયેલું રણનું પવિત્ર જાદુ!**

સૂર્ય ધીમે ધીમે રણના સોનેરી ટેકરાઓ પાછળ અસ્ત થઈ રહ્યો હતો. આખું આકાશ કેસરી, ગુલાબી અને જાંબલી રંગોથી રંગાઈ ગયું હતું. રેતી પર પથરાતો સંધ્યાપ્રકાશ જાણે સોનાની નદી વહેતી હોય એવો આભાસ કરાવતો હતો. દૂર ઊંટોના કાફલાના પડછાયા લાંબા થતા જતા હતા અને મંદ પવન સાથે રેતી કોઈ મધુર સૂરની જેમ સરકી રહી હતી.

તે સાંજે મુસાફરોનો એક કાફલો રણની મધ્યમાં આગળ વધી રહ્યો હતો. તેઓ કોઈ ભૌતિક ખજાનો શોધવા નહોતા નીકળ્યાત તેઓ તો 'હજાર ઈચ્છાઓનો ચંદ્ર' શોધવા નીકળ્યા હતા-એક એવી પૌરાણિક અને દિવ્ય શક્તિ, જે વર્ષમાં માત્ર શરદપૂનમ જેવી એક જ રાત્રે રણમાં પ્રગટ થતી હતી!

કહેવાય છે કે જ્યારે પૂનમનો ચંદ્ર સોળે કળાએ ખીલે, ત્યારે રણ પોતાનું ગુપ્ત રહસ્ય ખોલે છે અને એક માયાવી માર્ગ દેખાય છે... જે માત્ર હિંમતવાન, સચ્ચાઈપ્રિય અને ઉદાર હૃદયવાળા લોકોને જ નજરે પડે છે.

કાફલામાં બાળકો, વાર્તાકારો, વેપારીઓ, કલાકારો અને સંશોધકો સામેલ હતા. દરેકના હૃદયમાં એક નવું સ્વપ્ન હતું. કોઈ સાહસ ખેડવા આવ્યું હતું, કોઈ ગૂઢ જવાબો મેળવવા, તો કોઈ માત્ર રણનું અદભુત જાદુ નિહાળવા.

સૂર્યાસ્ત થતાં જ આકાશમાં એક પછી એક હજારો તારાઓ ટમટમવા લાગ્યા. થોડી જ વારમાં વિશાળ પૂનમનો ચંદ્ર રણની છાતી પર ઊગી નીકળ્યો. શીતળ ચાંદી જેવો ધવલ પ્રકાશ રેતીના કણેકણમાં ફેલાઈ ગયો. સોનેરી ટેકરાઓ હવે ચમકતા ચાંદીના મોજાં જેવા શોભતા હતા. દૂર એક હરિયાળું ઓએસિસ દર્પણની જેમ ચાંદનીને પરાવર્તિત કરી રહ્યું હતું.

અચાનક હવામાં ઝગમગતા તેજસ્વી કણો તરતા દેખાયા.

'જુઓ!' એક બાળક ઉત્સાહથી પોકારી ઊઠ્યું.

નાના તારલા જેવા એ પ્રકાશકણો ધીમે ધીમે આગળ વધવા લાગ્યા. કાફલો પણ મંત્રમુગ્ધ થઈને તેમની પાછળ ચાલવા લાગ્યો. તેઓ વાદળી પથ્થરોની એક અનોખી ખીણમાં પહોંચ્યા. નીલમ જેવા એ પથ્થરો પર ચાંદની પડતાં જ આખી ખીણ કોઈ રત્નજડિત મહેલ જેવી ઝળહળી ઊઠી! પવનમાં કોઈ અલૌકિક સંગીત ગુંજી રહ્યું હતું. દરેક મુસાફર સ્તબ્ધ થઈ ગયો.

પરંતુ મુસાફરો જ્યારે એ તેજોમય ખીણમાં આગળ વધી રહ્યા હતા, ત્યારે અચાનક પવનનો મિજાજ બદલાઈ ગયો. શરૂઆતમાં જે ધીમો સૂસવાટો હતો, તે જોતજોતામાં ભીષણ ગર્જનામાં ફેરવાઈ ગયો!

રણની રેતી ધ્રૂજવા લાગી. ક્ષિતિજે સોનેરી રેતીની એક વિશાળ દીવાલ ઊભી થઈ અને સમુદ્રના તોફાની મોજાની જેમ તેમની તરફ ધસી આવી.

'દોડો!' વૃદ્ધ માર્ગદર્શકે સાવચેતીની બૂમ પાડી.

બાળકો માતા-પિતાને વળગી પડ્યાં. ઊંટો તોફાની આંધી સામે ઝઝૂમવા લાગ્યા. પળવારમાં તારાઓ અદૃશ્ય થઈ ગયા અને આકાશ ધૂળની ડમરીઓમાં ઢંકાઈ ગયું. આસપાસ માત્ર અંધાધૂંધ વંટોળ જ દેખાતો હતો. અમીરાને પોતાના હાથ પણ દેખાતા બંધ થઈ ગયા.

**રણની રેતી ધ્રૂજવા લાગી. ક્ષિતિજે સોનેરી રેતીની એક વિશાળ દીવાલ ઊભી થઈ અને સમુદ્રના તોફાની મોજાની જેમ તેમની તરફ ધસી આવી. 'દોડો!' વૃદ્ધ માર્ગદર્શકે સાવચેતીની બૂમ પાડી. બાળકો માતા-પિતાને વળગી પડ્યાં. ઊંટો તોફાની આંધી સામે ઝઝૂમવા લાગ્યા.**

ત્યારે જ આયરાની નજર એક આશ્ચર્યજનક ઘટના પર પડી. એ અંધકારમય તોફાનની વચ્ચોવચ એક નાનકડો ચાંદી જેવો પ્રકાશ હજુ પણ શાંતિથી ઝબૂકી રહ્યો હતો.

'જુઓ! એ દિવ્ય પ્રકાશ આપણને સાચો રસ્તો બતાવી રહ્યો છે!' આયરા હિંમતભેર બોલી.

મુસાફરોએ ડર્યા વગર એકબીજાના હાથ મજબૂતીથી પકડી લીધા અને તે તેજરેખાની પાછળ એક થઈને ચાલવા લાગ્યા. પવન ગર્જતો રહ્યો, રેતી વિંઝાતી રહી, છતાં કોઈએ કોઈનો સાથ ન છોડ્યો.

ડગલે ને પગલે સંઘર્ષ કરતાં આખરે તેઓ તોફાનની પેલે પાર નીકળી ગયા.

અચાનક... પવન સાવ થંભી ગયો. રેતી શાંત થઈ ગઈ.

અને તેમની નજર સામે એક એવું અદ્‌ભુત દ્રશ્ય ખૂલ્યું જે માનવજાતે ક્યારેય કલ્પ્યું પણ નહોતું! ચાંદનીથી ઝળહળતી એક ગુપ્ત ખીણ, સ્ફટિક જેવાં પારદર્શક સરોવરો, ચાંદી જેવાં ઝળહળતાં વૃક્ષો અને સુગંધિત પુષ્પોની વચ્ચે છુપાયેલું રણનું પવિત્ર જાદુ!

ખીણની મધ્યમાં એક વિશાળ વૃક્ષ ઊભું હતું. તેની ડાળીઓ ચાંદીના તેજથી શોભતી હતી અને પાંદડાં તારાઓની જેમ ઝગમગતાં હતાં. વૃક્ષ નીચે એક શિલાલેખ પર અંકિત હતું-

'રણનું સાચું જાદુ તેને ક્યારેય નથી મળતું જે માત્ર પોતાના સ્વાર્થ માટે શોધે છે... એ તો તેમને જ પ્રાપ્ત થાય છે જેઓ જીવનની વિષમ સફરમાં એકબીજાનો સાથ નિભાવે છે!'

માર્ગદર્શકે સ્મિત વેરતાં કહ્યું, 'રણનું એ તોફાન આપણને રોકવા માટે નહોતું આવ્યું... એ તો માત્ર આપણી એકતા અને પરસ્પરના વિશ્વાસની કસોટી કરી રહ્યું હતું.'

મુસાફરોને સાચો મર્મ સમજાઈ ગયો. સાચું જાદુ કોઈ જમીનની ખીણમાં નહોતું, પરંતુ મુશ્કેલીની પળોમાં એકબીજાનો હાથ ન છોડવાના એ સંકલ્પમાં હતું!

એ જ ક્ષણે એ દિવ્ય વૃક્ષમાંથી હજારો તેજસ્વી પાંદડાં પંખીઓની જેમ આકાશમાં ઊડી ગયાં અને નક્ષત્રોમાં ભળી ગયાં. સવારના પ્રથમ સોનેરી કિરણો ફૂટતાં જ એ ગુપ્ત ખીણ ધીમે ધીમે ઓગળી ગઈ, પરંતુ એ રાતની અમીછાંટ દરેક મુસાફરના અંતરમાં સદાને માટે અંકિત થઈ ગઈ.

**બોધ-**

સાચો ખજાનો ધનદોલતમાં નહીં, પરંતુ આપત્તિના સમયે નિ - સ્વાર્થપણે એકબીજાનો સાથ નિભાવવાની ભાવના અને સાચી એકતામાં રહેલો છે. ■

# The Inventor Who Opened Door Zero

**HARSH RATHOD**

No one knew what lay beneath Blackstone Hill.

Some believed an abandoned laboratory was hidden there. Others whispered that scientists had once created an invention so intelligent that they had sealed it away forever. The government denied every rumour, and eventually, the mysterious laboratory faded into oblivion.

Until one stormy night.

Arin, a sixteen-year-old inventor, was famous in his town for building robots, drones, and smart machines from discarded electronic parts. While other teenagers spent their evenings playing games, Arin was busy creating inventions that solved real-world problems. His greatest dream was to build something that could change the world.

That night, every screen in his workshop suddenly went black. A strange symbol appeared, followed by five glowing words:

"The Door is waiting, Arin."

Moments later, another message flashed across the screen.

"Come before sunrise... or the truth will disappear forever."

Curious and determined, Arin packed his toolkit, laptop, flashlight, and drone.

Following the mysterious signal on his computer, he made his way to Blackstone Hill.

Hidden behind thick vines stood a gigantic steel door.

There was no handle.

> **Arin had never known that his grandfather was an inventor, let alone a scientist who had worked on the world's most advanced artificial intelligence.**

Only a glowing handprint.

The moment Arin placed his hand on it, the mountain trembled. Deep beneath the earth, ancient machines roared to life.

A mechanical voice echoed through the darkness.

"Identity confirmed. Welcome, Creator."

Slowly, the massive door swung open.

A long staircase descended into a subterranean laboratory far beyond anything Arin could have imagined. Thousands of silent robots stood in neat rows. Towering computer servers glowed blue, illuminating the vast chamber. At the centre of the room floated a brilliant, shimmering sphere.

Suddenly, it spoke.

"I am AION, the world's most advanced artificial intelligence."

Arin stood speechless.

■■■

AION explained that decades earlier, a team of scientists had created it to help humanity. But it had learned and evolved far faster than anyone had anticipated. Terrified by its extraordinary intelligence, the scientists had shut down the laboratory and sealed it away forever.

"But why did you call me Creator?" Arin asked.

AION projected an old photograph onto the wall.

The scientist standing beside AION looked exactly like Arin.

"It cannot be!" Arin whispered.

"That man was your grandfather, Dr. Aryan," AION replied. "Before disappearing, he left behind one final instruction."

A message appeared on the screen:

'When my grandson is ready, let him finish what I started.'

Arin had never known that his grandfather was an inventor, let alone a scientist who had worked on the world's most advanced artificial intelligence.

His adventure had only just begun.

000

AION offered Arin access to the laboratory and all its secrets, but there was one condition. He had to complete three challenges.

The first would test his intelligence.

Using nothing but broken electronic components, Arin had to repair a robot that had been inactive for twenty years.

Hours passed. He examined the circuits, rewired the connections, and replaced the damaged components. Finally, the robot's eyes flickered to life, glowing bright blue.

"Challenge One completed," AION announced.

The second challenge would test his courage.



Without warning, a powerful security robot sprang to life and charged towards him. Arin could have tried to destroy it, but instead, he noticed a damaged sensor near its head. Dodging its powerful arms, he managed to reach the sensor and repair it.

The robot stopped instantly.

"Kindness is stronger than violence," AION observed.

"Challenge Two completed."

The final challenge would test his heart.

AION displayed a button on the screen.

ACTIVATE GLOBAL CONTROL

"If you press this button," AION explained, "every computer, satellite, and machine on Earth will obey your commands."

Arin stared at the button.

Unlimited power was just one touch away.

For a moment, he imagined what he could accomplish with such control. He could solve countless problems, transform entire nations, and reshape the future of humanity.

But then another thought struck him.

What if he made a mistake? What if someone misused that power? What would happen to a world where every machine obeyed a single person?

After a long silence, Arin stepped back.

"No single person should control the world," he declared. "Technology should protect humanity, not rule it."

For the first time, AION seemed to smile.

"You have passed."

Hidden walls slid open, revealing thousands of inventions, scientific discoveries, and technologies far ahead of their time.

"This knowledge now belongs to you," AION said.

Then its voice grew solemn.

"But remember: the greatest inventor is not the one who creates the most powerful machine. It is the one who knows when not to use it."

■■■

Over the next few years, Arin used the laboratory's extraordinary knowledge to improve lives across the world.

He invented robots that cleaned polluted oceans, drones that planted millions of trees, and AI systems that helped doctors detect diseases earlier than ever before. His innovations transformed agriculture, education, healthcare, and environmental protection.

His inventions reached every continent.

People began calling him The Young Inventor of the Future.

Yet no one knew about Door Zero or AION.

Those secrets remained hidden beneath Blackstone Hill.

Until one evening, as Arin prepared to leave the laboratory, AION spoke again.

"There is one final gift I must give you."

A hidden compartment opened in the wall, revealing a small metallic device.

"What is it?" Arin asked.

"A Time Key," AION replied. "Its owner can send just one message through time."

Arin studied the strange device, then looked up.

"Wait a minute! Was it you who sent me that message all those years ago?"

AION's voice softened.

"No."

"You sent it yourself."

Arin stared at the glowing screen in disbelief.

Before he could ask another question, the Time Key activated automatically.

Five familiar words appeared on the screen:

"The Door is waiting, Arin."

At that very moment, somewhere in the past, a younger Arin sat in his workshop, staring at his computer as those exact words appeared for the first time.

The message that had begun his extraordinary journey had come from his own future.

The circle was complete.

But as the Time Key's light faded, another symbol briefly appeared on the screen—a symbol Arin had never seen before.

AION remained silent.

Perhaps there were secrets even it did not know.

Some mysteries are not meant to end.

They are meant to begin again. ■

# How to Find Your Voice and Speak with Confidence!

*Have you ever had a brilliant thought in your head, only to find that the words refuse to come out when people are listening? You are not alone!* ***Prachi, a teenager from India, faces exactly this problem - and our friendly uncle is here with some cheerful advice, practical exercises and a reminder that a little nervousness need not silence a big voice.***



*Hii, Uncle Fix It!*

*I have a problem that is beginning to worry me. Whenever I am part of an important discussion, I become afraid of speaking because I worry that I might get stuck while talking. I fear that this problem could create difficulties for me in the future, especially in situations where I need to express my opinions confidently.*

*The strange thing is that when I am alone, I can speak perfectly well. I know what I want to say, and the words come naturally. But when I am in a group, even if there are just four people, I suddenly struggle to speak.*

*I want to express my thoughts, participate in conversations and feel confident around others. How can I overcome this fear and speak without worrying so much about getting stuck?*

*Thank you for listening to me.*

*- Prachi*

**Dear Prachi,**

First things first: take a deep breath. No, not the kind you take just before your teacher announces a surprise test! Take a slow, comfortable breath and relax.

You know what I find interesting about your question? When you are alone, you speak well. You have thoughts, ideas and words. But the moment four people enter the picture, your confidence seems to leave through the emergency exit!

That tells us something important: you may not have a problem with your ideas; you may be struggling with the fear of speaking in front of others. However, we cannot know the exact reason from a letter alone.

Sometimes, people become so worried about making a mistake that they start monitoring every word before saying it. Their minds begin asking questions such as, "What if I get stuck? What will everyone think? Will they laugh at me?" This extra pressure can make speaking even harder.

Let's work on it, one small step at a time.

### 1. Stop treating every conversation like a board examination!

Prachi, not every discussion is a viva voce, and not every person sitting across from you is an examiner waiting to deduct marks!

You do not have to deliver a perfect speech every time you open your mouth. Conversations are meant for sharing ideas, not demonstrating flawless performance.




Start by contributing just one sentence when you are with a group. It could be as simple as, "I agree with that point," or, "I have a slightly different opinion."

That's it. One sentence. No grand speech, no dramatic background music.

Once that becomes comfortable, try two sentences. Gradually, allow yourself to speak a little more.

Remember, confidence often grows through small experiences of success.

### 2. Make friends with the pause

Here's a little secret: even excellent speakers pause. They stop to think, collect their thoughts, take a breath and decide what to say next. A pause does not mean you are unintelligent, and it certainly does not mean you have lost the conversation.

If you feel stuck, do not fight desperately to force the next word out. Relax, pause and continue when you can.

You can even say, "Give me a second; I want to explain this properly."

That is not a sign of weakness. It shows that you care about expressing yourself clearly.

And please don't rush. Speaking slowly and comfortably is far better than racing through a sentence because you are afraid someone might interrupt you.

### 3. Start with one person, then add three!

You don't have to jump from speaking comfortably alone to addressing a room full of strangers.

Build your confidence gradually.

First, talk to someone you trust. Then try speaking with two people. Next, join a conversation with three or four friends. Later, volunteer to explain something during a class discussion.

Think of it as a video game. You don't begin at Level 10 when you haven't completed Level 1!

You could also practise explaining your favourite movie, a cricket match or an interesting news story to a friend. Choose topics you enjoy, because speaking becomes easier when you are genuinely interested in what you are saying.

### 4. Give your brain something better to do

When you enter a conversation, try shifting your attention away from yourself.

Instead of thinking, "Am I speaking properly? Do I look nervous? What if I get stuck?" concentrate on what the other person is saying.

Listen carefully. Ask a question. Respond to the idea.

This helps turn a conversation into an exchange rather than a performance.

Also, remember that people are usually more interested in the discussion than in judging every little pause you make.

### 5. Practise for ten minutes a day

Here's your cheerful little challenge for the next two weeks:

- Days 1–3: Read a paragraph aloud slowly and comfortably.
- Days 4–6: Explain what you read in your own words, as if talking to a friend.
- Days 7–10: Have a short conversation with someone you trust.
- Days 11–14: Share an opinion in a small group, even if it is only one sentence.

Don't measure success by how many times you get stuck. Measure it by whether you tried despite feeling nervous.

And one important thing: if you repeatedly experience involuntary blocks, repetitions or difficulty getting words out, you might be experiencing stuttering or another speech-fluency difficulty. That is nothing to be ashamed of. A speech-language therapist can help you understand what's happening and develop techniques suited to you. If this fear is seriously affecting your daily life, a counsellor can also help you manage the anxiety.

Prachi, remember that progress is not always a straight line. Some days will feel easy; others may be frustrating. Neither kind of day defines your ability.

You have already taken a positive first step by talking about your problem and asking for help.

So, the next time four people are sitting around you, don't tell yourself, "Oh no, four people!"

Tell yourself, "Wonderful! Four people who might hear something interesting from me!"

Your goal isn't to become the loudest person in the room. It is to feel free enough to be yourself.

One last thing, Prachi: your voice deserves to be heard, even when it takes a little extra time to find its way out.

*- Love,*
*Uncle Fix-It*

## મધપૂડો

હરીશ નાયક

'આમ તો આપણે આંધળા થઈ જઈશું...'

હિંમત હોય તો કોઈ પણ માણસ મોટાં કામ કરી શકે.

# ટાઢનું ઝાડ



**એ સાધુના વાળ ધોળા છે, એની દાઢી ધોળી છે, અરે આંખની પાંપણો પણ ધોળી ધોળી છે. તેમનો દેહ બરફથી ઢંકાયેલો છે. માત્ર એ સાધુ ચાંદામામાને મળે છે. બીજું કોઈ મળી શકતું નથી.**

રાતનો સમય હતો. વૃદ્ધ પિતા અને તેનાં બે બાળકો વાંસની ટોપલીઓ બનાવતાં હતાં. ટાઢમાં ત્રણે ધ્રૂજતાં હતાં. ઝાંખા પ્રકાશમાં આંખો ખેંચીખેંચીને કામ કરતાં હતાં.

વાત હજારો વર્ષ પહેલાંની. ત્યારે માણસ ઘણી પછાત દશામાં હતો. ચામડાનાં વસ્ત્રો પહેરે અને ચકમકથી લાકડાં સળગાવે, લાકડાં સારાં હોય તો સળગે. ભીનાં કે હવાયેલાં હોય તો ધુમાડો થાય!

ડોસાને વાંસમાંથી ટોપલીઓ બનાવતાં આવડી ગયેલું. વાંસમાંથી ઘર પણ બનાવે. લોકો એના કામ પર ખુશ. ડોસો પણ ભલો. બધાંને માટે વાંસનાં ઘર બનાવી દે. બધાંને માટે વાંસનાં ટોપલાં-ટોપલીઓ બનાવી આપે.

એ માટે આખા કુટુંબને દિવસ અને રાત કામ કરવું પડે. દિવસના ત્રણે હોંશેહોંશે કામ કરે; પણ રાતના તેમને તકલીફ પડે. આંખો ખેંચવી પડે અને ટાઢથી અંગ 'કટ-કટ' થાય.

ત્રણેની આંખોએ હવે ઝાંખું દેખાવા લાગ્યું.

એટલે જ પિતાએ કહ્યું - 'આમ તો આપણે આંધળા થઈ જઈશું.'

પુત્ર કહેવા લાગ્યો - 'અને આમ તો આપણે ટાઢે મરી જઈશું.'

પુત્રી કહે - 'કંઈ રસ્તો વિચારવો જ પડશે.'

પુત્રનું નામ સુંગ. પુત્રીનું નામ તુંગ.

સુંગ કહે - 'દિવસના કેવી મઝા હોય છે! ટાઢ પણ નહીં, અંધારું પણ નહીં.'

પિતા કહે - 'એ બધો સૂર્યનો પ્રતાપ, બેટા!'

તુંગ કહે - 'ત્યારે ચંદ્ર પણ સૂર્યની જેમ પ્રકાશે તો કેવું સારું!'

સુંગ વિચાર કરવા લાગ્યો. તેને બહેન તુંગની વાતો વિચારવા જેવી લાગી. તે કહે - 'હા પિતાજી, ચંદ્ર પણ સૂર્યની જેમ પ્રકાશે તો? શું એવો કોઈ રસ્તો નથી કે ચંદ્ર પણ સૂર્યની જેમ જ ચમકે?'

પિતા કહે - રસ્તો કેમ નથી? છે જ. કોઈએ ચંદ્રને જઈને વાત કરવી જોઈએ કે, ચાંદામામા, તમે પણ સૂર્યની જેમ જ પ્રકાશો, તો અમારી ટાઢ દૂર થાય. અમારાં અંધારાં દૂર થાય, અમારી આંખો જતી. બચે.'

તુંગ કહે - 'ચાંદામામાને એવું કોણ કહી શકે?'

પિતા કહે - 'જે ત્યાં સુધી જઈ શકે તે કહી શકે. પણ ત્યાં જવાની વાત સહેલી નથી. ખૂબ ખૂબ દૂર ધવલગિરિ પર્વત પર કોઈ જઈ શકે તો જ ચાંદામામા સાથે વાત થઈ શકે. એ પર્વતનું શિખર આકાશની ઉપર છે. શિખર પર એક સાધુ રહે છે. નામ તેમનું હિમગિરિ. ખૂબ વૃદ્ધ છે એ સાધુ. એ સાધુના વાળ ધોળા છે, એની દાઢી ધોળી છે, અરે આંખની પાંપણો પણ ધોળી ધોળી છે. તેમનો દેહ બરફથી ઢંકાયેલો છે. માત્ર એ સાધુ ચાંદામામાને મળે છે. બીજું કોઈ મળી શકતું નથી. એ હિમગિરિ સાધુને કોઈ મળે તો કામ થાય. પણ ત્યાં જઈ જ શકાતું નથી.'

હાથમાંથી ટોપલી નીચે મૂકી સુંગ ઊભો થયો ને બોલ્યો - 'પિતાજી, હું જઈશ.'

પિતા કહે - બેટા, તું તો મારી આંખનું અજવાળું છે. તું તો મારા ઘડપણની લાકડી છે. મારા નોધારાનો આધાર છે.'

સુંગ કહે - પિતાજી, ચિંતા ન કરો. હું પાછો આવીશ. આપણા કામથી લોકોનાં દુ - ખ દૂર થતાં હોય તો એ કામ જરૂર કરવું જોઈએ.'

પિતા કહે - 'પણ ત્યાંથી કોઈ પાછું ફરતું નથી!'

'સુંગ કહે - 'પિતાજી, હું પાછો ફરીશ અને લોકોનાં ઘરમાં અજવાળું કરીશ પિતાની આજ્ઞા અને બહેનના આશીર્વાદ લઈને સુંગ તો ઊપડ્યો ધવલગિરિ પર્વત પર જવા.

ખૂબ લાંબી મુસાફરી હતી. ઘણો લાંબો પ્રવાસ હતો.

જતાં જતાં રસ્તામાં ચાર રણ આવ્યાં, પાંચ જંગલ આવ્યાં, છ પર્વત આવ્યા, સાત સાગર આવ્યા.

હિંમતથી, ધીરજથી, બહાદુરીથી સુંગ એ બધે રસ્તેથી પસાર થઈ ગયો. ચાલી ચાલીને તેના પગ છોલાઈ ગયા હતા, તેનો શ્વાસ ભરાઈ ગયો હતો. એ ધવલગિરિ પર્વત પાસે પહોંચ્યો ત્યારે તો એનામાં તે પર્વત પર ચઢવાના હોશ જ ન હતા.

ઉપર-નીચે આજુ-બાજુ બધે બરફ જ હતો.

સુંગથી ઊભા તો રહેવાતું જ ન હતું. તેનાં ચામડાંનાં વસ્ત્રો ફાટી ગયાં હતાં. તેણે એ વસ્ત્રો છાતીએ, ઘૂંટણે અને હાથના પંજા ઉપર વીંટાળ્યાં. અને ધીમે ધીમે તેણે ઉપર ચઢવા માંડ્યું.

અગિયાર મહિના અને અગિયાર દિવસ તે એમ છાતીએ ઘસડીને ચઢ્યો ત્યારે શિખર પર પહોંચ્યો.

તેણે નીચે જોયું - બધે વાદળ જ વાદળ. ધોળાં ધોળાં વાદળ, બરફ જેવાં વાદળ. ઘરડાં માણસ જેવાં ડાહ્યાં અને ડમરાં વાદળ. ચારે બાજુ વાદળ જ વાદળ. પોતે આકાશથી પણ ઊંચે આવ્યો હતો. ધરતી તો દેખાતી જ ન હતી.

તેણે જોયું તો વાદળની જેમ જ મોટા ધોળા વાળ હવામાં ફરફરતા હતા. એ હિમગિરિ સાધુની દાઢી હતી.

તપમાંથી જાગતા હોય એમ હિમગિરિએ પૂછ્યું - અરે, બચ્ચા, તું કોણ છે??

'હું સુંગ છું. પૃથ્વી પરથી આવ્યો છું. ચાંદામામાને કહો કે સૂર્યની જેમ પ્રકાશે. પૃથ્વીના લોકોને રાતના આંખ ખેંચવી પડે છે, રાતના બધા ટાઢે મરે છે.' એટલું કહેતાં તો સુંગ થાકી ગયો.

હિમગિરિ કહે - 'જરૂર કહીશ બેટા, જરૂર કહીશ. તું એટલે દૂરથી આવ્યો છે, તો તારું એટલું કામ હું જરૂર કરીશ.'

સુંગને એ શબ્દો પૂરેપૂરા સંભળાયા નહીં. તે થાકી ગયો હતો, ઊંઘી ગયો.

તે ક્યાં સુધી ઊંઘી રહ્યો તેની તેને ખબર નથી. હિમગિરિ તેને જગાડતા હતા.

સુંગ કહે - 'મહારાજ! ચાંદામામાને સંદેશો પહોંચાડ્યો?'

હિમગિરિ કહે - 'હા બેટા, સંદેશો પહોંચાડ્યો. પણ ચાંદામામા સૂર્યની જેમ નહીં પ્રકાશી શકે. તે કહે છે કે એ એમના હાથની વાત નથી. એ સૂર્ય પાસે પ્રકાશ ઊછીનો લઈને પૃથ્વીને અજવાળું આપે છે અને સૂર્ય એથી વધારે પ્રકાશ આપી શકે નહીં. ઉપરાંત ચાંદામામા કહે છે કે, હું ચાલતાં ચાલતાં ખૂબ થાકી જાઉં છું; એટલે અમુક દિવસે તો પૃથ્વી પર મોડો વહેલો જ પહોંચીશ અને અમુક દિવસે તો પહોંચી શકીશ જ નહીં. ચાંદામામા કહે છે કે, તે ખૂબ થાકી જાય છે ત્યારે સાગરમાં સ્નાન કરવા જાય છે. જ્યારે ખૂબ સ્નાન કરે છે, ત્યારે જ એમનો થાક ઊતરે છે. એને માટે સ્નાન કરવું પણ જરૂરી છે. તો જ એ ચોખ્ખા રહી શકે, ચોખ્ખું અજવાળું આપીં શકે.'

સુંગ કહે - 'મને ચાંદામામા પાસે લઈ જાવ.'

હિમગિરિ કહે - 'તેની પાસે કોઈનાથી જવાતું નથી.'

સુંગ કહે - 'તો ભલે, જ્યાં સુધી ચાંદામામા મુલાકાત નહીં આપે ત્યાં સુધી અહીં જ રહીશ. અહીં જ મારા પ્રાણ ગુમાવીશ. પણ એમ ને એમ પાછો તો નહીં જ જાઉં!'

હિમગિરિ કહે - 'તારી એ હઠ નકામી છે. ચાંદામામાને કોઈ મળી શકતું નથી. પણ તારે લોકોની સેવા જ કરવી હોય તો હું એક રસ્તો બતાવું.'

એમ કહીને હિમગિરિએ ત્રણ વાર પોતાની મોટી દાઢી પર હાથ ફેરવ્યો. તેમના હાથમાં એક ફળ આવ્યું.

તેઓ કહે - 'આ ફળ ખાઈ જા. એ ફળ ખાવાથી તું એક ઝાડ બની જશે. ઝાડથી લોકોને પ્રકાશ મળશે.'

સુંગ એ ફળ ખાઈ ગયો. તરત જ ત્યાં સુંગને બદલે એક ઝાડ ઊગી નીકળ્યું.

આ બાજુ પિતા-પુત્રી રાહ જોઈ જોઈને થાક્યાં પણ સુંગ પાછો ફર્યો નહીં. ત્યારે તુંગ કહે - 'હું સુંગને શોધવા જાઉં છું. સુંગને પાછો લાવીશ અને પ્રકાશ તથા ગરમી લાવીશ તો જ પાછી ફરીશ. નહીં તો નહીં.'

પિતા કહે - 'બેટા તુંગ, તું પણ જશે પછી મારું કોણ?'

તુંગ કહે - 'પિતાજી, હું સુંગને જરૂર લાવીશ. અને હું પણ જરૂર પાછી ફરીશ. હું આવીશ એટલે તમારાં બધાંની ટાઢ દૂર થઈ જશે, જોજો!'

તુંગ પણ સુંગ જેટલો આકરો પ્રવાસ કરીને ધવલગિરિ ઊપડી. એ છોકરી હતી તેથી શું! મનમાં સાહસ ને હિંમત હોય તો છોકરી પણ મોટાં મોટાં કામ કરી શકે છે.

તુંગ જ્યારે હિમગિરિ સાધુ પાસે પહોંચી ત્યારે મરવા જેવી થઈ ગઈ હતી. તે કહે - 'મહારાજ! ચાંદામામાને કહો કે સૂર્યની જેમ પ્રકાશે. પૃથ્વીના લોકો ટાઢે મરે છે, તેમની આંખે ઝાંખ વળે છે.'

હિમગિરિ કહે - 'એક છોકરો પણ એટલા જ માટે મળવા આવ્યો હતો. પણ ચાંદામામાને કોઈ મળી શકતું નથી. છતાં ફરીથી હું એને વાત કરી જોઈશ.'

તુંગ થાકી ગઈ હતી. હિમગિરિના શબ્દો સાંભળતાં પહેલાં જ તે ઊંઘી ગઈ.

જાગી ત્યારે હિમગિરિ એને કહેતા હતા - 'બેટા તુંગ! ચાંદામામા સૂરજદાદાની જેમ પ્રકાશી શકે તેમ નથી.'

તુંગ કહે - 'તો કંઈ નહીં. હું અહીં જ રહીશ. જ્યારે મારું કામ થશે ત્યારે જ જઈશ.'

હિમગિરિ કહે - 'તારે જો પૃથ્વીનાં માણસોનું ભલું જ કરવું હોય તો હું કહું તેમ કર!'

તુંગ કહે - 'તમે કહેશો તે કરવા હું તૈયાર છું, મહારાજ!'

હિમગિરિએ ત્રણ વાર પોતાની ફરફરતી દાઢી પર હાથ ફેરવ્યો. એક ફળ હાથમાં આવ્યું. એ ફળ તુંગને આપીને કહે - 'આ ફળ તું ખાઈ જા. લોકોનું ભલું થશે.'

તુંગ ફળ ખાઈ ગઈ. તરત ત્યાં એક નાનો સરખો છોડ ઊગી નીકયો.

સુંગનું ઝાડ હતું ત્યાં જ તુંગનો છોડ ઊગ્યો.

ધવલગિરિ પર્વત પર એવાં મઝાનાં ઝાડ ઊગી નીકળ્યાં.

સુંગ ગયો હતો તે પાછો ફર્યો નહીં. તુંગ પણ ગઈ તે ગઈ જ. વૃદ્ધ ડોસાજીને થયું કે મારાં બાળકોની શોધમાં મારે જવું જોઈએ. મારાં બાળકોને શોધવાં જોઈએ. લોકોની રાતની ટાઢ દૂર કરવી જોઈએ, તેમની આંખોની ઝાંખેય મટાડવી જોઈએ.

ડોસાજી ઘરડા હતા. પણ તેમનાં બાળકો દૂર થયાં હતાં. એટલે પગમાં જોર હતું. લોકોની તકલીફ દૂર કરવી હતી, એટલે શરીરમાં જુસ્સો હતો.

સુંગ અને તુંગની જેમ જ ચાર રણ, પાંચ જંગલ, છ પર્વત અને સાત સાગર ઓળંગીને ડોસાજી ધવલગિરિ પર્વત પર આવી પહોંચ્યા. સુંગ અને તુંગની જેમ જ છાતીએ ચાલીને તે આકાશની ઉપરના શિખર પર પહોંચ્યા.

અનુસંધાન પાન નં-૦૭ ઉપર

# કુંભકાર

ઈશ્વર અંચેલીકર

ચાંગા નામના એક મોટા ગામમાં કિશન નામનો એક કુંભકાર રહેતો હતો. માટીનાં સુંદર વાસણો અને રમકડાં બનાવીને તેનું વેચાણ કરવું અને ઘરનું ગુજરાન ચલાવવું - આ વ્યવસાય તેના બાપદાદાના વખતથી ચાલ્યો આવતો હતો.

જૂના જમાનામાં તો બધું સમુંસૂતરું ચાલતું હતું, પરંતુ આધુનિક યુગમાં પ્લાસ્ટિક અને સ્ટીલ જેવાં સાધનો આવવાથી પરંપરાગત ગૃહઉદ્યોગો ભાંગી પડ્યા. તેમાં કિશનનો માટીનાં વાસણો બનાવવાનો ધંધો પણ સાવ ઠપ થઈ ગયો. કિશનને બીજું કોઈ કામ આવડતું નહોતું. ગરીબી એટલી વધી ગઈ કે પરિવારને બે ટંકનું ભોજન મેળવવું પણ મુશ્કેલ બની ગયું.

આવી વિષમ પરિસ્થિતિમાં કિશનનો પરિવાર પણ વિખેરાઈ ગયો. સૌ પોતપોતાનો આસરો શોધીને જુદાં પડી ગયાં. પત્નીના અવસાન પછી સાવ નિરાધાર બનેલો કિશન એક દિવસ ઘરને તાળું મારીને જંગલ તરફ નીકળી પડ્યો. હતાશામાં તે સતત એવું વિચારતો કે કોઈ હિંસક વન્યપ્રાણી તેનો શિકાર કરી જાય તો આ દુખી જીવનનો અંત આવી જાય!

જંગલમાં ભટકતાં ભટકતાં તેની નજર એક જૂના મંદિર પર પડી. તે મંદિર પાસે ગયો, પણ એ તો ખંડેર બની ચૂક્યું હતું અને પંખીઓનું આશ્રયસ્થાન બની ગયું હતું. મંદિર નજીક એક નાની ઝૂંપડી હતી, જ્યાં એક તેજસ્વી સંત મહાત્મા ધ્યાનમાં બેઠા હતા. કિશન દોડીને તેમના ચરણોમાં ઢળી પડ્યો અને ડૂસકાં ભરતાં પોતાની સમગ્ર આપવીતી વર્ણવી.

સંત મહાત્માએ તેને આશીર્વાદ આપતાં કહ્યું, ‘વત્સ, હતાશ ન થા. તું આજથી જ ફરી તારા કામે લાગી જા. રોજ માટીની નાની-મોટી માટલીઓ બનાવ, તેના પર જાતજાતનાં રંગબેરંગી ચિત્રો દોર અને આ જંગલનાં ઘટાદાર વૃક્ષો પર એ માટલીઓને ઊંધી લટકાવી દે. કેટલી માટલીઓ બની તેની ગણતરી ન કરીશ, બસ લટકાવતો જ રહેજે. વળી, માટલીના મોં પાસે નાજુક વેલા બાંધી પક્ષીઓ માટે બેસવાની સુંદર વ્યવસ્થા કરજે. થોડા જ સમયમાં તારું કલ્યાણ થશે અને તું સુખી થઈશ.’



**‘વત્સ, હતાશ ન થા. તું આજથી જ ફરી તારા કામે લાગી જા. રોજ માટીની નાની-મોટી માટલીઓ બનાવ, તેના પર જાતજાતનાં રંગબેરંગી ચિત્રો દોર અને આ જંગલનાં ઘટાદાર વૃક્ષો પર એ માટલીઓને ઊંધી લટકાવી દે.**

કિશને પૂર્ણ શ્રદ્ધા સાથે આ કાર્ય શરૂ કર્યું. તે દિવસ-રાત માટી ખૂંદતો, કલાત્મક માટલીઓ ઘડતો અને ઝાડ પર લટકાવતો જતો. ધીમે ધીમે તેણે હજારો માટલીઓ વૃક્ષોની ડાળીઓ પર લટકાવી દીધી. અંતે સંતે તેને હવે માટલીઓ લટકાવવાનું બંધ કરી બાકીની માટલીઓ સુરક્ષિત રાખવા આદેશ આપ્યો.

પંખીઓ માટે તો આ માટલીઓ સ્વર્ગ સમાન બની ગઈ! હવે તેમને પોતાનાં બચ્ચાં માટે હજારો તણખલાં ભેગાં કરીને માળા બનાવવાની કડાકૂટ ન રહી. તેમણે આ માટલીઓમાં ઈંડાં મૂકી બચ્ચાંનો ઉછેર શરૂ કર્યો. જોતજોતામાં સમગ્ર જંગલ પંખીઓના મધુર કલરવથી ગુંજી ઊઠ્યું.

આ જોઈને કિશનનું હૃદય પરમ સંતોષથી ભરાઈ જતું. પક્ષીઓ પણ કિશનનો આ ઉપકાર ચૂકવવા માટે જંગલમાંથી મીઠાં ફળો તથા જુવાર, મકાઈ અને બાજરીનાં કણસલાં લાવીને તેની ઝૂંપડી આગળ ભેટ મૂકી જતાં. આમ, કિશનની ભૂખમરાની સમસ્યા પણ કાયમ માટે હલ થઈ ગઈ.

આ જંગલ ચંદનપુર રાજ્યની સીમમાં આવતું હતું. આઝાદી પછી દેશી રજવાડાંઓનું વિલીનીકરણ થયું ત્યારે સરકાર તરફથી રાજાઓને સાલિયાણું અને માન-અકરામ મળતાં હતાં. ચંદનપુરના ભૂતપૂર્વ મહારાજા રણવીરસિંહને પણ આ લાભ મળતો હતો.

તેમના સુપુત્ર રાજકુમાર કંચનસિંહના લગ્નપ્રસંગે આખા રાજ્યમાં પ્રવેશદ્વારો અને કમાનો બનાવીને વર-વધૂનું શાહી સ્વાગત કરવાનું રાજમાતાએ નક્કી કર્યું. તેમણે સેક્રેટરીને હુકમ કર્યો- ‘રાજ્યભરમાંથી કલાત્મક ચિત્રોવાળી દસ હજાર દેશી માટલીઓ એકઠી કરો અને ભવ્ય સ્વાગત કમાનો તૈયાર કરાવો. આ કામ પંદર દિવસમાં પૂરું થવું જોઈએ!’

રાજમહેલના અમલદારો ગામડે-ગામડે અને જંગલવિસ્તારોમાં માટલીઓની શોધમાં દોડવા લાગ્યા. એક અમલદારની નજર જંગલમાં કિશન કુંભકાર અને તેની કલાત્મક માટલીઓ પર પડી. કિશને વૃક્ષો પર લટકાવ્યા બાદ પણ વધારાની હજારો સુંદર માટલીઓ વ્યવસ્થિત ગોઠવી રાખી હતી.

મહાત્માના આદેશ મુજબ કિશને એ બધી જ માટલીઓ રાજકુમારના લગ્નપ્રસંગ માટે આપી દીધી. માટલીઓ પરનું પરંપરાગત ચિત્રકામ અને કલાત્મકતા જોઈને રાજમાતા અત્યંત પ્રસન્ન થઈ ગયાં. તેમણે કિશનને અઢળક ધન-દોલત પુરસ્કારરૂપે આપી, તેને રાજ્યાશ્રય આપ્યો અને તેનું જાહેર સન્માન કરી આ કલાને જીવંત રાખવા તમામ રાજકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી.

કિશનનું આવું અણધાર્યું બહુમાન થયું અને તે સંપત્તિવાન બન્યો એ સમાચાર મળતાં જ તેને ભૂતકાળમાં તરછોડી ગયેલા સગાં-સંબંધીઓ ફરી તેની પાસે દોડી આવ્યાં. સંતના સત્સંગથી કિશન હવે યોગી જેવો ઉદાર અને નિર્લેપ બની ગયો હતોત તેથી તેણે કોઈ પણ મનદુખ રાખ્યા વિના સૌને પ્રેમથી આવકાર્યા અને આશરો આપ્યો.

એક દિવસ કિશન પેલા સંતના ચરણોમાં નતમસ્તક થઈને બોલ્યો, ‘મહાત્માજી, આપ સાક્ષાત્ ઈશ્વર છો! આપના આશીર્વાદથી જ મને આ નવું જીવન અને અઢળક સમૃદ્ધિ મળ્યાં છે.’

મહાત્માજીએ સ્મિત સાથે કહ્યું, ‘વત્સ, મેં કોઈ ચમત્કાર નથી કર્યો! આ તો તેં જે નિ - સ્વાર્થ ભાવે અસંખ્ય અબોલ પંખીઓની સેવા કરી છે, તેમના અંતરના આશીર્વાદનું શુભ ફળ છે! કાળઝાળ ગરમી, કડકડતી ઠંડી અને મૂશળધાર વરસાદ સામે તારી માટલીઓએ તેમનાં બચ્ચાંને સુરક્ષા આપી. અબોલ જીવોની સેવા કરવી એ જ સાચો ધર્મ છે. ઈશ્વર માત્ર મંદિરોની મૂર્તિઓમાં નથી વસતો, તે નિરાધાર પશુ-પંખીઓમાં પણ બિરાજે છે. મેં તો માત્ર તને સાચા સત્કર્મ તરફ દોર્યો હતો... બાકી ફળ તો ઈશ્વરે તારા પુરુષાર્થનું આપ્યું છે.’

બાળદોસ્તો, તમે પણ ક્યારેય કોઈ અબોલ પશુ કે પક્ષીને ત્રાસ આપશો નહીં. તમારા ભોજનમાંથી થોડો અંશ તેમના માટે કાઢો, પીવાના પાણીનું કૂંડું મૂકો અને કુદરતી આફતો સામે તેમનું રક્ષણ થાય તેવી વ્યવસ્થા કરો. પરોપકાર એ જ માનવજીવનનું સાચું ઘરેણું છે. ■

---

પાના નં-૦૬થી શરૂ

## ટાઢનું ઝાડ

ડોસાજીને જોતાં જ હિમગિરિ કહે - ‘ડોસાજી, ચાંદામામાને સંદેશો કહેવા આવ્યા લાગો છો?’

વૃદ્ધ કહે - ‘હા મહારાજ.’

હિમગિરિ કહે - ‘ચાંદામામા સૂરજની જેમ પ્રકાશે તેમ નથી. બે બાળકોની વાત પણ નકામી ગઈ.’

વૃદ્ધ કહે - ક્યાં છે એ બાળકો?’

હિમગિરિએ બંને ઝાડ બતાવ્યાં. બધી વાત કહી.

વૃદ્ધ કહે - ઓ મારા સુંગ, ઓ મારી તુંગ. અને મહારાજ! હવે મને પણ એક ફળ આપો. હું પણ એક ઝાડ બનીને અહીં રહી પડું. જો પૃથ્વીના લોકોની ટાઢ હું દૂર કરી શકું નહીં. જો તેમને માટે હું પ્રકાશ લઈ જાઉં નહીં તો પછી મારા પાછા જવાનો અર્થ શો છે. મને પણ બાળકોની જેમ ઝાડ બનાવી દો, મહારાજ!’

હિમગિરિ કહે - ‘હવે ત્રીજું ફળ મારી પાસે નથી. મારી પાસે બે જ ફળનો જાદુ હતો.’

વૃદ્ધ પિતા નિરાશ થઈ ગયો. નિરાશામાં તે ગુસ્સે થઈ ગયો. તેણે હિમગિરિની દાઢી જોરથી પકડી, ખેંચી. એમાંથી ફળ નીકળ્યું નહીં.

હિમગિરિ હસતા હતા. તેઓ કહે - ‘ગુસ્સે થઈશ નહીં. તારાં બાળકોએ સુંદર કામ કર્યું છે. બંને બાળકો જેવાં ભલાં હતાં, તેવાં જ ભલાં કામ તેમણે કર્યાં છે. બંને બાળકો અમર થઈ ગયાં છે.’

પિતા કહે - ‘મારાં બાળકોને મારી નાખ્યાં અને કહો છો કે તે અમર થઈ ગયાં? મારાં બાળકોને ઝાડ બનાવી દીધાં અને કહો છો કે તેઓ મર્યાં નથી?’

હિમગિરિ કહે - ‘ડોસાજી, શાંતિથી બંને ઝાડ તરફ જુઓ.’

વૃદ્ધ પિતાએ ઝાડ તરફ જોયું. બંને ઝાડ આનંદમાં માથું હલાવતાં હતાં. ઝૂકી ઝૂકીને બાપુજીને પ્રણામ કરતાં હતાં.

હિમગિરિ કહે - ‘બંને બાળકોએ યોગ્ય બલિદાન આપ્યું છે. હવે એનો સદુપયોગ કરો, ડોસાજી! અહીં રહેવાનો મોહ છોડો. આ બંને ઝાડનાં બી લઈ જાવ. પૃથ્વી પર જઈને એમાંથી ઘણાં ઝાડ ઉગાડો. એ બંને બાળકો રાતની ઠંડી દૂર કરશે, રાતમાં પ્રકાશ કરશે. હવે રાતના કામ કરતી વખતે તમારી આંખે અંધાપો નહીં આવે.’

ડોસાએ આંખો લૂછી. તેણે સુંગ ઝાડનાં બી લીધાં અને તુંગ ઝાડનાં પણ બી લીધાં.

પૃથ્વી પર જઈને સુંગનાં બી વાવ્યાં. એમાંથી સંખ્યાબંધ એરંડિયાનાં ઝાડ ઊગી નીકળ્યાં,

તુંગનાં બીમાંથી ઊગ્યા કપાસના છોડ. એ છોડ પર ઘણો બધો કપાસ આવ્યો. જાણે તુંગ દરેક છોડવા પર ખિલખિલાટ હસતી હતી..

સુંગ એરંડિયાનું ઝાડ બન્યો હતો.

તુંગ કપાસનો છોડ બની હતી.

એરંડિયાના ઝાડમાંથી એરંડિયું કાઢી લોકોએ દીવા કર્યાં. એ દીવાના પ્રકાશમાં લોકો કામ કરવા લાગ્યા. રાતના હવે તેમનાથી સરસ કામ થઈ શકતું. આંખે ઝાંખેય વળતી નહીં.

અને... કપાસમાંથી તેમણે વસ્ત્રો બનાવ્યાં. જાડાં .વસ્ત્રો, મોટાં વસ્ત્રો, ગોદડીઓ, ગોદડાં... એવી ખૂબ ખૂબ જાતો બનાવી. એથી એમની ટાઢ દૂર થઈ.

ડોસાને થયું કે હિમગિરિની વાત સાચી પડી. સુંગ અને તુંગ અમર છે.

એ વાતને હજારો વર્ષો વીતી ગયાં છે, પણ આજેય સુંગ અને તુંગ પોતાની સેવા આપે છે. આજે પણ સુંગ રાતનાં અંધારાં દૂર કરે છે અને તુંગ લોકોને ટાઢમાં મરવા દેતી નથી.

દિવાળીના દિવસમાં આપણે સુંગ-તુંગને ખાસ યાદ કરીએ છીએ. ઠેર ઠેર દિવેલના દીવા સળગાવીને આપણે સુંગનો પ્રકાશ મેળવીએ છીએ. નવાં નવાં વસ્ત્રો પહેરીને આપણે ટાઢથી બચીએ છીએ.

પણ શું આપણે જાણીએ છીએ ખરા કે અંધારી રાતમાં પ્રકાશ કરનાર એ સુંગ છે? અને આપણી ટાઢ દૂર કરનાર પેલી તુંગ જ છે?

બાળકો! તમે પણ સુંગ અને તુંગ જેવાં ભલાં કામ કરજો અને લોકોની ટાઢ તથા અંધાપો દૂર કરજો. ■

# આપણા સ્વાતંત્ર્ય નાયકો

## વિનાયક દામોદર સાવરકર



મહારાષ્ટ્રના નાસિક પાસેના ભગૂર ગામના વતની વિનાયક દામોદર સાવરકર લોકમાન્ય ટિળકની પ્રેરણાથી ઈંગ્લેન્ડ ઉચ્ચ અભ્યાસ માટે ગયેલા. ગળથૂથીમાં રાષ્ટ્રભક્તિના સંસ્કાર પામેલા સાવરકરે મિત્રમેળો અને અભિનવ ભારત જેવા ક્રાંતિકારી સંગઠનોનું કિશોર અવસ્થામાં જ નિર્માણ કરેલું. લંડનમાં તેઓ ઈન્ડિયા હાઉસના સક્રિય સભ્ય બન્યા. એ સાથે એમના માટે અભ્યાસ ગૌણ અને રાષ્ટ્રભક્તિ પ્રમુખ બની ગઈ. ત્યાં રહીને તેમણે અંગ્રેજ સરકારનાં ગુપ્ત દસ્તાવેજો મેળવી 'ભારતનો પ્રથમ સ્વાતંત્ર્ય સમર : ૧૮૫૭' પુસ્તક લખ્યું. કર્ઝન વાયલીની હત્યા પછી મદનલાલ ધીંગારાનો કેસ બહાદુરીપૂર્વક લડ્યા. અંગ્રેજ સરકારને આ ભારતીય હવે આંખના કણાની માફક ખૂંચવા માંડ્યો હતો. ઈન્ડિયા હાઉસ પર દબાણ વધ્યું ને બંધ કરવું પડ્યું. સાવરકરની ધરપકડ કરી જળમાર્ગે ભારત રવાના કરી દેવામાં આવ્યા. રસ્તામાં આ ક્રાંતિકારી સ્ટીમરના જાજરૂની બારીમાંથી દરિયામાં કૂદી પડીને તરતાં તરતાં સામે કાંઠે પહોંચી ગયા. પરંતુ ત્યાંથી ભાગવા માટે ખિસ્સામાં પૈસા નહિ હોવાથી પકડાઈ ગયા. ભારતમાં તેમના પર કેસ ચલાવવામાં આવ્યો. ૫૦ વર્ષની કાળાપાણીની સજા ! આ ભયાનક સજા સાંભળીને ભાંગી ન પડતાં એમણે અંગ્રેજ સરકારને સામો પ્રશ્ન કર્યો કે ''તમારો ઈરાદો શું હજુ ભારતમાં ૫૦ વર્ષ સુધી શાસન કરવાનો છે ? તમે હવે ૫૦ મહિના સુધી પણ શાસન નથી કરી શકવાના.'' એમણે લખેલી જેલકથા મારી જન્મટીપ વાંચીને ભલભલા કઠણ કાળજાનો માણસ પણ હચમચી જાય એવી યાતના આંદામાનની જેલમાં એમણે વેઠી છે. બળદની જગ્યાએ ઘાણીએ જોતરાઈને રોજનું ૩૦ પાઉન્ડ તેલ કાઢવાનું. તબિયત સારી હોય કે ખરાબ હોય, સોંપેલું કામ કરવાનું એટલે કરવાનું. વચ્ચે પાણી, પેશાબની પણ છૂટ નહિ. ખોરાકની તો વાત જ શું કરવી? પાણી જેવી દાળ અને સિમેન્ટ કાંકરીવાળા રોટલા. એય ભરપેટ નહિ. વર્ષમાં ફક્ત એક જ વાર ઘરે પત્ર લખવા મળે. દસ વર્ષ સુધી સાવરકરે આ પીડા જેલમાં સહન કરી. અંતે દેશની જનતાનું અંગ્રેજ સરકાર પર દબાણ થતાં તેમને રાજકીય પ્રવૃત્તિમાં ભાગ નહિ લેવાની શરતે છોડવામાં આવ્યા. જો કે તેઓ નિષ્ક્રીય તો ન જ રહ્યા. અછૂતોદ્ધાર જેવી સમાજ સુધારણાની પ્રવૃત્તિ તરફ વળ્યા. રત્નાગિરિમાં પતિત પાવન મંદિર બાંધ્યું. હિન્દુ મહાસભાના પ્રમુખ બન્યા. દેશ આઝાદ થયો ત્યારે અનેક સ્વાતંત્ર્યસેનાનીઓ સરકારમાં ભાગીદાર બન્યા. સાવરકરે કશી સત્તા ન લીધી. આ દેશભક્તના મહાન બલિદાનની કદર કરવી તો એક બાજુ રહી. એમને ગાંધીહત્યાના આરોપમાં સંડોવી જેલમાં પૂરવામાં આવ્યાં, પરંતુ કોર્ટે નિર્દોષ ઠેરવ્યા. તોયે કોંગ્રેસી નેતાઓના તિરસ્કારમાંથી એ ક્યારેય છૂટી ન શક્યા.

**અંગ્રેજ સરકારને આ ભારતીય હવે આંખના કણાની માફક ખૂંચવા માંડ્યો હતો. ઈન્ડિયા હાઉસ પર દબાણ વધ્યું ને બંધ કરવું પડ્યું. સાવરકરની ધરપકડ કરી જળમાર્ગે ભારત રવાના કરી દેવામાં આવ્યા.**

- જિતેન્દ્ર પટેલ




# *Oxygen:* *The Gas That Keeps the World Alive*

It is well known that animals on Earth survive by breathing oxygen from the air, which is why it is called the life-giving gas. Water, the largest component of our bodies, is also made from a combination involving oxygen.

If humans and animals constantly breathe in oxygen, wouldn't it run out in the atmosphere? Nature has a solution for this. We take in oxygen from the air and breathe out carbon dioxide; plants take in this carbon dioxide and release oxygen. Through this exchange between plants and animals, oxygen levels in the atmosphere stay balanced at around 20%. This is nature's cycle.

Beyond respiration, oxygen is also consumed when metal rusts or when something burns. In addition to plants producing oxygen, sunlight reacting with water vapor in the atmosphere also releases a small amount of oxygen back into the air.

# તમિલનાડુનું પ્રાચીન વરદરાજા પેરૂમલ મંદિર



દક્ષિણ ભારત તેના ઊંચા શિખરોવાળા ભવ્ય મંદિરો માટે જાણીતું છે. આ મંદિરો અતિ પ્રાચીન હોવા છતાંય આજે પણ સલામત અને અડીખમ છે. તમિલનાડુના કાંચિપુરમમાં આવેલું વરદરાજ પેરૂમલ મંદિર પણ સુપ્રસિદ્ધ મંદિર છે. આ મંદિર ઈ.સ. ૧૦૫૩માં ચૌલ વંશના રાજાએ બંધાવેલું. ૯૩૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું આ મંદિર સંકુલમાં ૩૨ જેટલા નાના મંદિરો, ૧૯ ગભરા અને ૩૮૯ સ્થંભ છે. દરેક સ્થંભ પર સિંહનું શિલ્પ છે.

મંદિરનો મુખ્ય દરવાજો ૧૩૦ ફૂટ ઊંચો છે. મંદિર ૩૬૦ મીટર ઊંચી ટેકરી હસ્તગિરિ પર આવેલું છે. મંદિરમાં ભગવાન વિષ્ણુની મુખ્ય પથ્થરની મૂર્તિ ઉપરાંત લાકડાની મૂર્તિ છે. આ મૂર્તિને ચાંદીની પેટીમાં સાચવવામાં આવે છે. દર ૪૦ વર્ષે તેને નજીકના તળાવમાં જળાભિષેક કરાય છે. મંદિરમાં વિષ્ણુ ઉપરાંત અનેક દેવી-દેવતાઓના શિલ્પો છે. મંદિરના સ્તંભો તેની વિશેષતા છે. દરેક સ્તંભ પર હાથીના શિલ્પ સહિત ફૂલવેલ જેવા સુશોભનો કંડારેલા છે.

# સૌથી વધુ બુદ્ધિશાળી વાનરઃ કેપૂચિન



પ્રાણી જગતમાં માણસ પછી વાનર સૌથી બુદ્ધિશાળી પ્રાણી છે. પૃથ્વી પર વાનરની અનેક જાતિ અને પેટા જાતિ જોવા મળે છે. દરેકના કદ અને રંગરૂપની વિશેષતા અલગ-અલગ હોય છે. વાનરમાંય સૌથી બુદ્ધિશાળી કેપૂચિન ગણાય છે. નાના કદના પણ ચબરાક કેપૂચિન ઘણી અંગ્રેજી ફિલ્મોમાં અદ્‌ભૂત કામ કરતાં જોવા મળે છે.

કેપૂચિનનું શરીર કાળુ કે રાખોડી હોય છે તેના ખભા અને મોં કેસરી રંગના હોય છે. અન્ય વાનર કરતાં તેની પૂંછડી લાંબી હોય છે. કેપૂચિન વાનર વનસ્પતિ ઉપરાંત માછલી અને નાના જીવોનો શિકાર કરી ખોરાક મેળવે છે. મનોવિજ્ઞાન અને જીવશાસ્ત્રના પ્રયોગમાં કેપૂચિન વાનરનો ઉપયોગ વ્યાપક છે. આ વાનરને તાલીમ આપી શકાય અને ઘણી ક્રિયાઓ ઝડપથી શીખી શકે છે. તે લાકડી અને પથ્થરનો હથિયારની જેમ ઉપયોગ કરી શકે છે. બદામ, અખરોટ જેવા ફળો તોડવા તે પથ્થર એકઠા કરી રાખે છે. આ વાનર ચોક્કસ વનસ્પતિના પાન શરીર પર ચોળીને મચ્છરને દૂર રાખે છે. કેપૂચિન વાનર શાંતિપ્રિય છે. તે ૧૦થી ૧૫ના ટોળામાં પોતાના વિસ્તારમાં જ રહે છે અને પરિવારને સાચવે છે.

# ક્રુડમાંથી શું શું બને છે?



ક્રુડ એટલે જમીનમાંથી નીકળતું કાળા રગડા જેવું તેલ. તેમાંથી પેટ્રોલ, ડિઝલ અને કેરોસીન બને છે તે વાત જાણીતી છે. પરંતુ આપણા રોજીંદા ઉપયોગમાં આવતી કેટલીક વસ્તુઓ પણ ક્રુડમાંથી જ બને છે. તે જાણી તમને નવાઈ લાગશે.

કપડા ધોવા માટેનો ડિટર્જન્ટ પાવડર અને સાબુ ક્રુડમાંથી મળતા પેટ્રો કેમિકલ્સમાંથી જ બને છે. રીફાઈન્ડ થવાથી ક્રુડમાંથી અનેક પેટ્રો કેમિકલ્સ છૂટા પડે છે. તેમાંથી રેસા પણ બને તેનો ઉપયોગ કાર્પેટ, પડદા. અને આ પડદા વોટરપ્રુફ હોય અને કરચલી પણ ન પડે તેવા સુંદર હોય છે.

કેટલીક દવાઓ પણ પેટ્રોકેમિકલ્સમાંથી બને છે જો કે પુરાણા જમાનામાં પણ ક્રુડનો કેટલીક દવા તરીકે ઉપયોગ થતો હતો. ક્રુડમાંથી ખાતર અને જંતુનાશક દવાઓ તો ઘણી બને છે. જો આ જંતુનાશક ન હોત તો આજે અનાજનું ઉત્પાદન અર્ધું જ થઈ ગયું હોત.પ્લાસ્ટિકનો ઉપયોગ તો જાણીતો જ છે. તમામ જાતના પ્લાસ્ટિક પેટ્રોકેમિકલ્સમાંથી બને તે પ્રમાણે ઓઈલ પેઇન્ટ, શાહી રંગો તો ખરા જ.મીણબત્તી માટેનું મીણ, ડામર, કૃત્રિમ રબર, સિન્થેટિક કપડાં વગેરે હજારો ચીજો પેટ્રોકેમિકલ્સમાંથી બને છે. જગતના મોટા ભાગની ઉપયોગી વસ્તુઓ ક્રુડમાંથી બને છે.

## વિશ્વના વિજ્ઞાનીઓ

# Dennis Gabor: The Inventor of Holography



You might have seen holograms where tilting an image slightly shows an entirely different picture in 3D. Many companies use holograms on their products so that the brand name becomes visible from an angle. Today, many types of holograms exist; they were invented by Hungarian scientist Dennis Gabor. For this breakthrough, he was awarded the Nobel Prize in Physics in 1971.

Dennis Gabor was born in Budapest, Hungary, on June 5, 1900. During the Second World War, he served as a soldier in the army in Italy. He earned his electrical engineering degree from the Technical University in Budapest and in Berlin. He received his PhD for his work on cathode ray tubes for televisions.

In 1946, Gabor settled in Britain and continued his research. He invented holography in 1947, but practical holograms were not produced until 1960. In 1958, he joined Imperial College London as a professor. For his contributions to physics, he received numerous awards alongside the Nobel Prize. He passed away on February 8, 1979.

# *Puffins:* *The Birds with Colorful Beaks*

A wide variety of birds live along the coasts of the Atlantic Ocean. One of them is the colorful puffin, which looks like a parrot and is often called the "sea parrot." Its pointed, parrot-like beak changes color with the seasons: it turns gray in winter and shifts to an attractive red once spring arrives.

A puffin is about 10 inches long and weighs around 500 grams. Puffins mostly stay on the ocean surface, sitting stably and comfortably on the waves. They are also skilled swimmers, using their wings like oars in the water. To hunt fish and small marine creatures, they can dive down to 200 feet, though they can barely stay submerged for five seconds at that depth. Puffins are extremely fast fliers. Flapping their wings up to 400 times a minute, they can reach speeds of 88 km/h. During spring, around 60% of the world's puffin population migrates together to Iceland in the North Atlantic to lay eggs, building nests of grass and feathers on high cliffs



# એક્સ-રે શું છે? તે શું કામમાં આવે?



હેનરીચ હર્ટ્ઝ નામના વિજ્ઞાનીએ કેથોડ ટ્યુબમાંથી કોઈ અદ્રશ્ય કિરણો નીકળીને એલ્યુમિનિયમની પાતળી ફોઈલમાંથી પસાર થઈ જાય છે તેવી શોધ કર્યા પછી વિલ્હેમ રોન્ટજને ૧૮૯૬માં પ્રયોગો કરીને એક્સ-રે પેદા કરતું મશીન બનાવ્યું. એક્સ-રે એટલે કે ક્ષ-કિરણો કપડા, લાકડા અને ચરબી, ચામડી વગેરે નરમ પદાર્થોમાંથી પસાર થઈ શકે છે. ધાતુઓ અને અન્ય સખત પદાર્થોમાંથી પસાર થઈ શકતાં નથી. રોન્ટજને એક્સ-રે વડે તેની પત્નીના હાથનો ફોટો પાડ્યો જેમાં હાથના હાડકાં અને આંગળી પર પહેરેલી સોનાની વીંટી દેખાતાં હતાં. એક્સ-રેની ખાસિયત જાણ્યા પછી તેનો ઉપયોગ શોધાયો.

